સાલ : ૧૩ / સિલસિલાવાર નંબર : ૧૨૮ / શુમારો : ૨ ફુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રબીઉલ અવ્વલ-રબીઉલ આખર ૧૪૩૭ / ડીસેમ્બર ૨૦૧૫-જાન્યુઆરી ૨૦૧૬

## વિરાસત

વિરાસત, યાઅની કોઈ એક માલો મતાઅની ચીઝનું કોઈ બીજાથી તમારા તરફ કોઈ મીસાક-વાઅદા-બંદિશ બગૈર નકલ થાવું છે. વિરાસતનું નામ તે જ વક્ત પડે છે જે વક્ત નકલ થાનારી ચીઝ ગુઝરી ગયેલા તરફથી હોય છે. એમ કહેવાય છે કે, ફલાઁ ચીઝ એને મીરાસ-વિરાસતમાં મિલી. રસૂલલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસે શરીફમાં છે કે, તમેં તમારા ચાલ-ચલણ, બોલ-ગુફ્તગૂ અને રસ્મો રિવાજ પર સાબિત રહેજો, કેમકે તે તમારા બાવાજી તરફથી વારસાગત હોય છે, યાઅની કે તમારા બાવાજીની અસ્લીયત મુજબ તમારા અખ્લાકમાં બાકી રહે છે. કુરઆને કરીમમાં માલની વિરાસતની ઝિક્ર અંબિયાના નામો સાથે અને વિરાસતના કાનૂનની પણ ઝિક્ર આવેલી છે. વિરાસત તેને જ કહેવાય છે કે, કોઈ ચીઝ બગૈર થકાણ, મશક્કત અને જદ્દો કદથી હાસિલ થાય, તો કહેવાય કે એને વારસો મિલો. એમ પણ માઅના થાય કે, ફલાઁ શખ્સે ફલાઁને કોઈ ચીઝ ખુશી-ખુશી આપી, નવાઝિશ કીધી. અંબિયા (અ.સ.) ના વારસામાં માલ સિવાય ફઝીલત, ઈલ્મ, અમલ, કિરદાર, નુબૂવતની વિરાસતની ઝિક્ર આવેલી છે, કેમકે અંબિયા (અ.સ.) ને નઝદીક માલની કોઈ કદરો કીમત હોતી નથી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ માઁ ફાતેમા (અ.સ.) વાસ્તે ફિદકની ઝમીનની ઝિક્રે ખાસ ફરમાવી, કેમકે જેમ મૌ. દાઉદ નબીની વિરાસતના માલિક આપના ફરઝંદ મૌ. સુલૈમાન થયા તો માઁ ફાતેમા અને મૌ. અલી બેવે રસૂલુલ્લાહ બાવાજીની વિરાસતના હક્કદાર થયા.

**દિલી મુબારકબાદી**

**મસ્નદે તૈયેબીના વારિસો અમીન, અરકાને દીને હક્કના મકાનો મકીન ૪૫માં દાઇયુલ મુત્લક આકા મૌલા હાતિમુલ ખૈરાત, રબીઉલ બરકાત અબૂ સઇદિલ ખૈર સૈયદના વ મૌલાના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ને ૫૮મી મીલાદે મયમૂનની મોહન્નાબાદી ઇદારએ "મિશ્કાતુલ હાદી" અને કારેઇન તહે દિલથી પૈશ કરે છે. ખુદાતઆલા આપની ઝાતે મુનવ્વરના સાયામાં મુમેનીનને હર વક્ત શાદો મસર્રતમંદ રાખે. દાઅવતે શરીફહની ઇઝ્ઝતો ઇકબાલને બલંદતર રાખે... આમીન.**

**"અલ-ઓલમા વરસતુલ અંબિયા"**, આ કલામે શરીફનો ઈશારો ઈલ્મની વિરાસતનો છે કે, જેમાં ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના મુખ્લેસીન મુમેનીન શરીક હોય છે. વિરાસતનો લફ્ઝ એવી ચીઝ વાસ્તે ઈસ્તેમાલ કરવામાં આવો છે કે, કોઈ અહેસાન યા કીમત બગૈર મિલે. જેમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મૌ. અલી (અ.સ.) વાસ્તે ફરમાવું કે, અય અલી! તમેં મારા ભાઈ છો અને મારી ઈલ્મી વિરાસતની પેટી છો. આ અલ્ફાઝથી આપની મુરાદ શું કે, અલ્લાહનો કિતાબ-કુરઆન અને આપના અહલુલ બૈત (અ.સ.), બેવે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની જહાનવાલા દરમિયાન લાઝવાલ વિરાસત છે.

અલ્લાહતઆલા પોતાના કિતાબ કુરઆને હકીમમાં ૨૩ મી સૂરતુલ મુમેનૂનમાં શરૂઆતની આયતોમાં "કદ અફલહલ મુમેનૂન ..... યરેસૂનલ ફિરદૌસ, હુમ ફીહા ખાલેદૂન" તક મુમેનીન મુખ્લેસીનને કામિયાબી અતા ફરમાવીને જન્નતુલ ફિરદૌસના વારિસો બનાવે છે. તે કોના સબબ છે? ઈમામે ફાતેમી મૌ. મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, તે વલાયતે અમીરૂલ મુમેનીન મૌ. અલી (અ.સ.) ના સબબ છે. આપ મૌલાના સબબથી અલ્લાહતઆલા મુમેનીનની તીનતને, સીરતને, સૂરતને, ખસલતને અને તબીઅતને બીજા લોગો કરતા આઅલા બનાવે છે. જેમ આપ મૌલા સૈયેદુલ અબરાર છે, યાઅની ભલાઈ કરનાર લોગોના સરદાર, તેમ આ ભલાઈ કરનાર મુમેનીન તમામ બીજા લોગો પર પોતાની નૂરાની ખલકતના સબબ સરદારી કરે છે અને જે જગા આ મુમેનીન વાસ્તે મુકર્રર છે યાઅની જન્નત તે તમામ જગાઓ પર (બકીયાહ પેજ નં. ૨ પર)

**શુક્ર કરીને જમનાર તેના મિસ્લ છે કે જે સબર કરીને રોઝા રાખે.**

(પેજ નં. ૧ નું બાકી)

સરદારી કરે છે અને લોગો ચાહે છે કે, કિવારે હમેં પણ તે દરજા પર પહોંચીએ. પણ તે લોગોને એવી સિફતોં પૈદા કરવી પડે અને આપ મૌલાને દિલો જાનથી કુબૂલ કરવા પડે તો જ આ ફઝલ હાસિલ થાય. આઅલા દરજા પર જાવા વાસ્તે ઘણી જ ભારી સિફતોં અપનાવવી પડે. **જન્નતની વિરાસત અઝીમમાં અઝીમ વિરાસત છે** અને તે વાસ્તે મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી લઈને કેયામતના સાહેબ કાઈમુલ કેયામહ તક, આ હક્કના સિલસિલાના હરએક સાહેબની સીરતો સૂરતના વારિસ થાવું પડે. જન્નતનો વારિસ તે જ છે કે, જે ઔલિયાઉલ્લાહની નૈકોકારી, દયાનતદારી, પરહેઝગારી, દીનદારી, અમાનતદારીની વિરાસતને ખુદમાં, ખુદના ભાઈઓમાં, ખુદના તઅલ્લુકવાલામાં અને ખુદના ખાનદાનમાં અપનાવે, સંભાલે અને સાચવીને બીજા તરફ મુન્તકલ કરે. તેને આગલ વધારે.

પાંચમાં ઈમામે ફાતેમી મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ જે વક્ત જન્નતને પૈદા કીધી તે વક્ત તેને ફરમાન કીધું કે, અય જન્નત! તું કઈ કલામ કર. તો જન્નત માંથી નિદા આવી કે, "કદ અફલહલ મુમેનૂન . . . . . હુમ ફીહા ખાલેદૂન." આ જ મુજબની આયતો અલ્લાહે સૂરતુલ મુમેનૂનના ઈબ્તેદામાં મુકેલી છે કે જેની ઝિક્ર આગલ થઈ ચુકી છે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ મૌલાના અલી (અ.સ.) ની પૈદાઈશ બાદ પહેલી વક્ત જ્યારે આપને પોતાના હાથમાં લીધા તે વક્ત આપે ફરમાવું કે, "કદ અફલહલ મુમેનૂન બેકા યા અમીરલ મુમેનીન, યા અલી." યાઅની કે, **અય અલી! અમીરૂલ મુમેનીન, આપના સબબ આપના મુમેનીન જીતી ગયા. આપના સબબ મુમેનીન જન્નતના વારિસો બના.**

હર નબી અલ્લાહના હુકમથી આગલા અંબિયાની દીની વિરાસત તેમજ દુનિયાવી વિરાસત સાચવી ગયા અને આવનાર લોગો વાસ્તે નસીહતના તૌર પર એના અહલુલ બૈત (અ.સ.) ને તે વિરાસતને દિલો જાનથી સાચવવાની વસીયત પણ કરી ગયા. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) મદીનતુલ મુનવ્વરહમાં ૧૧ હિ. માં ઈન્તેકાલ ફરમાવી ગયા તો તબર્રૂકાતે અંબિયા મૌ. અલી (અ.સ.) ને સિપુર્દ કરી ગયા અને તેની હિફાઝત કરવા વાસ્તે ખાસ તાકીદ કરી ગયા કે, તેમાંથી એક પણ ચીઝ કોઈ ગૈરના હાથે ન જઈ ચઢે. આપ મૌલાએ તે સાચવી અને આપ આપના શાહઝાદા ઈમામૈન હુસ્નૈન (અ.સ.) ને આપની શહાદતના વક્ત તે વિરાસતે અઝીમહને સોંપી ગયા. જેમાં આસ્માની કિતાબો, સહીફાઓ, લિબાસ, હથિયારો, રોઝમર્રાની દાઅવતની ચીઝો, જે ચીઝો માંથી મોઅજિઝા આશકાર થાતા હતા તે, એવી નિશાનીઓ કે જે ખુદા અને ખુદાના વલીની હક્કાનીયત સાબિત કરે તે, આ બધી જ બાબરકત ચીઝો સદીઓ તક દુશમનોંના ખૌફ અને ઝમાનાની તકલીફો ઉચકીને મુખ્તલિફ ઈલાકાઓમાં મુન્તકલ કરી-કરીને ઈમામે આલે મોહંમદ (સ.અ.) એ સાચવી અને આખિરકાર ૫૩૨ હિ. માં ઈમામ મૌ. અબુલ કાસિમ તૈયેબ (અ.સ.) એ દાઅવતુલ હક્કની આ અઝીમ વિરાસતે ફિરદૌસીયહ પહેલા દાઈએ મુત્લક સૈ. ઝોએબ બિન સૈ. મૂસા (ક.રૂ.) ને હવાલે કીધી અને ૯ **સદીઓથી આ વિરાસત અને અમાનત દોઆતે મુત્લકીનના હાથ પર સચવાયેલી છે.** જેની પૈરવી અને ખિદમત ૪૫ માં દાઈયુલ્લાહિલ અમીન સૈ. અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ફરમાવી રહ્યા છે.

૪૧ માં દાઈ સૈયેદના ફખરૂદ્દીન સાહેબ, ૪૨ માં દાઈ સૈયેદના બદરૂદ્દીન સાહેબ, ૪૩ માં દાઈ સૈયેદના નૂરૂદ્દીન સાહેબ અને ૪૪ માં દાઈ સૈયેદના તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ કદસલ્લાહો અરવાહહૂમ, આ ચારે સાહેબોની તકરીબન ૧૨૫ સાલની મુદ્દતે દાઅવત દરમિયાન જે જે બાબરકત તારીખી જૂની ચીઝો જેમાં યમન અને અહમદાબાદના નાયાબ-નફીસ કિતાબો પણ શામિલ છે, તે આજે એની અસલી હાલતમાં દાઅવતે શરીફહની દેવડી મુબારક પર સચવાયેલી છે. ૧૩૨૨ હિ. માં યાઅની ૧૧૫ સાલ પહેલા સૈ. ફખરૂદ્દીન સાહેબે દેવડી પર ચંદ તાઅમીરી બદલાવ કીધા તે વક્તના આપના હુરૂફ યાઅની કુરઆની આયતો અને અહાદીસે નબવીયહનું લખાણ આજે ગુરફતુલ જન્નત (મેન રૂમ) અને ગુરફતુલ ઈસ્તિકબાલ (મીટીંગ રૂમ) માં મહેફૂઝ છે.

સૈયેદના જીવાભાઈ ઝિયાઉદ્દીન સાહેબ (ક.રૂ.), ૩૨ માં દાઈએ મુત્લક કે જેઓએ મુમેનીન સાથે ૧૧૧૦ હિ. માં અહમદાબાદથી વડોદરા હિજરત કીધી, આપનો આ ૩૨૭ સાલ પુરાનો બદરી મોહલ્લો, આપની ઝિયાઈ મસ્જિદની યાદ

(બકીયાહ પેજ નં. ૪ પર)

**ખૌફે ખુદા રાખીને ઈબાદત કરનાર તેના મિસ્લ છે કે જે પોતાનું ઘર છોડીને જેહાદ કરવા નિકલે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) ખુદાતઆલાની નેઅમતોંનો જેટલો શુક્ર કરીએ તેટલો ______ છે. (૨)

૨) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ પોતાના અસ્હાબને તારાઓ સાથે સરખાવા છે. તારાને અરબીમાં શું કહે છે? (૩)

૩) નિય્યત કરશો તો અમલ થાશે. નિય્યતનું બીજું નામ શું છે? (૩)

૭) નૈકીનો ______ ગુના સવાબ મિલે છે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ✕ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) જેમ ઈમામથી ઈબાદતમાં જાન આવે છે, તેમ ______ થી જમનમાં જાન આવે છે. (૩)

૪) હયા, શરમ. (૨)

૫) રિશ્તેદાર, કરાબતદાર. (૨)

૬) હમેં તારી જ ઈબાદત કરીએ છીએ અને તારાથી જ _____ તલબ કરીએ છીએ-સૂરતુલ ફાતેહા. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | બા | | |
| | અ | જી | બ | |
| રો | ઝી | ✕ | દ | સ |
| | ઝ | હી | ન | |
| | | લો | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર રબીઉલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✩

---

(પેજ નં. ૧૫ નું બાકી)

✵ વાનગીઓ બેહિસાબ તરહની બાઝારમાં મૌજૂદ છે, પણ બહેતર ખોરાક અને ફાયદો ખૂબ ઘટી ગયો છે.

✵ અપના તમામ પાસે સ્થાવર અને જંગમ મિલકતો ઘણી વધી છે, પણ આ ફેસબુક, ટ્વીટર, વોટ્સએપના વક્તમાં બહેતરમાં બહેતર મિલ્કત-ખઝાનો કહી શકાય એવા સાચા દોસ્તો ઓછા થયા છે.

✵ અપને બધા અપના ઈરાદાઓને પૂરા કરવા કોશિશો તો ખૂબ જ કરીએ છીએ, પણ પામીએ છીએ ખૂબ જ ઓછું.

✵ કોમ્પ્યૂટરની મદદથી હઝારો પાનાં એક દિવસમાં છાપી શકીએ છીએ, પણ રિશ્તેદારોં-મોહબ્બતવાલાઓંને ખુશખબર કે દિલી જઝબાના બે લફ્ઝનો કાગઝ નથી લખી શકતા.

✵ હાલમાં હરએક તરહની દવા બાઝારમાં હાઝિર છે : મૂડ લાવવા વાસ્તે, દર્દ મિટાવવા વાસ્તે, મગજને ઠંડું રાખવા વાસ્તે, ઉંઘ આવવા વાસ્તે, અરે! મરી જાવા વાસ્તે પણ! છતાં એવું કંઈક ઝિંદગીમાં બાકી રહી જાય છે જે દવાની ગોલીઓંથી નથી મિલતું અને એ અપનાપણાનો એહસાસ છે, જે અપના ઘરમાં અપના લોગોના સાથથી જ મિલી શકે છે.

મુખ્તસરમાં, સોશીયલ ઝિંદગીના શો-રૂમમાં બીજાને બતાવવા વાસ્તેનું અપને બધું જ ગોઠવી શકયા છીએ, પણ ઝાતી-પર્સનલ ઝિંદગીના સ્ટોર રૂમમાં બધું જ ખાલી થઈ ગયું છે! આ બધી એકબીજાથી ખિલાફ વાતો જો ગલે ઉતરે તો ઉપર લખેલા કલામો, અરે! બધા નહીં તો થોડાક પણ ઉલટાવીને જીવવાની કોશિશ કરીએ તો ઝિંદગીમાં વરસો ઉમેરાયેલા નહીં લાગે પણ વરસોમાં ઉમેરાતી ઝિંદગીનો એહસાસ તો ઝરૂર થાશે. ✩

**સંજીદગી અને ઝિમ્મેદારીથી ગુફતગૂ કરનાર તેના મિસ્લ છે કે જે રસ્તા પરથી પત્થરને હટાવે.**
**ઔલાદની બરાબર પરવરિશ કરનાર તેના મિસ્લ છે કે જે પૂરો દિન હલાલ રોઝીને તલાશ કરતો રહે.**

**ઈલ્હાન અને તરન્નુમ સાથે કુરઆનની તિલાવત કરનાર તેના મિસ્લ છે કે જે ખુદાતઆલા સાથે મખ્ફીમાં મુનાજાત કરે.**

(પેજ નં. ૨ નું બાકી)
અને આપની રેહાઈશગાહ દેવડી મુબારક તેમજ આપની હમેશાની આરામગાહ બુસ્તાને બદરી એક અજાએબી છે, ખુદમાં મુન્ફરદ અને બેમિસાલ છે, અપનું હેરીટેજ, વિરાસત અને એન્ટીક છે. આ ત્રણ સદીની તારીખે અલવી, **દાઅવતે શરીફહ અને ખુદ દાઈ યહઁા હાઝિર છે તેના સબબ ઝિંદાઓ જાવૈદ છે.** અપના આબાઓ અજદાદ અને દોઆતે હક્કના વિરાસતની બરકતથી આજે અપની વડોદરામાં એક અલાહેદા શાન, પહેચાન અને નિશાન છે.

દાઅવતે અલવીયહની તારીખમાં પહેલી વક્ત એવો મૌકો ફરાહમ થયો કે, અપની જમાઅત સિવાયની વડોદરામાં રહેતી બીજી કૌમોના લોગો અપની વિરાસત, દાઅવત, તારીખ અને જમાઅતની હકીકતો તરફ કરીબથી નિગાહ અને નઝર નાંખે. અપને સેંકડો સાલથી વડોદરાના બાશિંદાઓ છે તે ગરદાને. અપનો આ મોહલ્લો એક બેમિસાલ વાડી અને બગીચો હતો કે જેને શીઆ મીયાં મહેમૂદે સૈયેદના ઝિયાઉદ્દીન સાહેબની નૂરાનીયત અને રૂહાનીયતના સબબ આપને હદીયો અતા કીધો હતો, તેની માઅરેફત કરે. એક ઝમાનમાં મીયાં મહેમૂદની મસ્જિદમાં અપના મુમેનીન નમાઝ પઢતા હતા, તે મસ્જિદ, તેનું ટાંકું અને જૂનો મઝાર મીયાં મહેમૂદના વક્તની જાહોહશમતની યાદ અપાવે છે. આ તમામ તારીખી ટુકડાઓને જોડવાની કોશિશ વાસ્તે તા. ૨૧-૨૨ નવમ્બર ના દિન યાઅની ૧૦-૧૧ સફરૂલ મુઝફ્ફર શનિ-રવિવારે ફજેરે ૯ થી ૧૧ ના દરમિયાન અલવી બોહરા હેરીટેજ વોક રાખવામાં આવો હતો. આ ગશ્ત-વોકમાં દેવડી મુબારક, અલ-મસ્જિદુન્નૂરાની, બદરી મોહલ્લો અને બુસ્તાને બદરીને શામિલ કરવામાં આવા હતા. હેરીટેજ-તારીખી ચીઝોમાં દિલચસ્પી રાખનાર બીજી કૌમના ઘણા ભાઈ-બહેનોએ આમાં હિસ્સો લીધો હતો અને અપની તારીખ, ઈમારતોં, રસ્મો રિવાજ, રહેની-કરની અને કલ્ચરથી વાકિફદાર થયા હતા. અપની મઝબૂત બંદિશ અને આઅલા નિઝામ જોઈને એ લોગો બેહદ તઅજ્જુબ કરતા હતા.

દેવડી મુબારક પર વિરાસતે મુબારકહને માતહત દોઆતે હક્કે પોતાની ઝિંદગીમાં ઈસ્તેમાલ કીધેલી ચીઝોની બરકત મુમેનીન અને બીજા મહેમાનો ઉઠાવે તે વાસ્તે મુશાહેદામાં મુકવામાં આવી હતી. તેમાં તખ્તે નૂરાની, છત્રીઓ, છડી, નારીયલ, ચાખડી, ઈતરદાની, તસ્બીહ, ગાશીયા, દુપટ્ટા, રૂમાલ, બુખુરદાની, હાથના લખેલા કિતાબોં, કલમ, ચોકી, મસલ્લા, ખુરશી, તખ્તનો તાજ, તાઅવીઝની થાલીઓ, જામા, પાઘડી, મીસાક-નામા વગૈરા શામિલ હતું. મસ્જિદે નૂરાનીના સહેનમાં મસ્જિદે ઝિયાઈની તારીખી તસ્વીરો મુકવામાં આવી હતી. જેમાં મસ્જિદનું સહેન, મિનારા, કિબ્લા, બાહરી દરવાઝો, મહેરાબો વગૈરાની તસ્વીરો શામિલ હતી. આ સાથે મસ્જિદે નૂરાનીની ખાસીયત અને તાઅમીરી લેહાઝથી તેના અહમ નુક્તાની સમઝ હાઝેરીનને આપવામાં આવી હતી. ૭ રૂહાની બાદશાહોંના બુસ્તાને બદરીની રોનક અને દિલકશીથી તમામની ઝબાન બેકલામ થઈ ગઈ હતી. તમામને સૈયેદના સાહેબોની મુખ્તસર તારીખથી વાકિફ કરવામાં આવા હતા.

નવા ઝમાનાની નવી ચીઝોથી થતા નવા કન્સટ્રકશન આજે બધી જગાઓ પર જોઈ શકાય છે. તે અપને બદરી મોહલ્લામાં પણ જોઈ શકીએ છીએ. જે વક્ત હેરીટેજ ઈમારતોંના માહિર બદરી મોહલ્લામાં ગશ્ત લગાવવા આવા તો દેવડી મુબારક પર આવીને તે ભાઈએ સૈયેદના સાહેબને કહ્યું કે, **" સાહેબ! તમેં ખુદાનો શુક્ર કરો કે, આજે પણ આપના આ બદરી મોહલ્લામાં ૭૫ વરસ જુની ૧૦-૧૨ ઈમારતોં મૌજૂદ છે અને ૧૨૦ સાલ જૂની તકરીબન ૪ ઈમારતોં હાલમાં છે. તમેં સૈયેદનાના લેહાઝથી તે ઈમારતોંમાં રહેતા તમારા માનનારને કહો કે, તેને બરાબર સાચવે. "** ૭૫ સાલ પહેલા યાઅની ઈ. ૧૯૪૦-૧૩૬૦ હિ. ને કરીબ સૈયેદના બદરૂદ્દીન સાહેબના ઝમાનમાં નકશીકામની ઘણી ઈમારતોં બનેલી છે જેમાંથી આજે ચંદ બાકી છે, જેના પર સૈયેદના સાહેબના દસ્તે મુબારકમાં અરબીમાં કુરઆને કરીમની આયતો પણ નકશ કરવામાં આવી છે. ૧૨૦ સાલ જૂની ઈમારતોંના આજે લાકડાના ઝરોખા મૌજૂદ છે અને લાકડાની થાંભલીઓ સાથે નકશી કરવામાં આવી છે. આ તમામ વિરાસતની સાચવણી કરવી હર અલવી મુમિન પર લાઝિમ છે.

સાહેબે દાઅવતને અંદાઝો છે કે, આ જૂની અને તારીખી ચીઝોને સાચવવું કઈ આસાન કામ નથી. પણ મુમેનીનના ઘરોમાં એવી નાયાબ-તારીખી ચીઝો સચવાય કે જે આબાઓ અજદાદથી હાસિલ થઈ હોય, તે કાઈમ રહે તે વાસ્તેની અપને
(બકીયાહ પેજ નં. ૫ પર)

**રાતે ઉઠીને તહજ્જુદની નમાઝ પઢનાર તેના મિસ્લ છે કે જેની સોહબત ઈખ્તિયાર કરવા વાસ્તે અંબિયા શૌક રાખે.**

(પેજ નં. ૪ નું બાકી)

સાથે મિલીને કોશિશ કરવાની છે. મુમેનીન સાહેબે દાઅવતની હઝરતમાં એવી ઘણી ચીઝો સોંપી જાય છે કે, જેને સાચવવાનો એ લોગોને ખતરો મહેસૂસ થાતો હોય અને જે ચીઝનો તઅલ્લુક સાહેબે દાઅવત સાથે હોય. **આજે એવી ઘણી કીમતી ચીઝો દાઅવતના ખઝાનામાં સચવાયેલી છે અને તેના સાથે તે મુમેનીનના ખાનદાનનું નામ પણ જોડાયેલું છે.** ઝમાના જાતા કઈ ચીઝ કહાઁ ચાલી જાય, કોના હાથે લાગી જાય અને ક્યાં રફે-દફે થઈ જાય કોઈને ખબર નથી. પણ જો દાઅવતના મરકઝ પર તે હશે તો સદીઓ તક તે મહેફૂઝ રહેશે અને દાઈયુલ્લાહની હઝરતમાં તે ખાનદાનના લોગોની યાદ અપાવા કરશે. જેમ આજે દાઅવતે શરીફહમાં નૈકનામ શૈખઅલી અલીભાઈનું નામ ઝિંદા અને તાઝૂ છે.

મુમેનીન, અપની આ કોશિશ એક-બે દિનની નથી પણ ઘણી દરાઝ છે, મુમેનીનના ઘરમાં જો મુકદસ મૌલાઓનો ઘરના કોઈ અવસરનો તારીખી ફોટો હોય, ફ્રેમ હોય, હાથના લખેલા કિતાબ હોય, ગાલીચો હોય જેના પર સૈયેદના નિશિસ્ત ફરમાવી ગયા હોય, લાકડા યા કાંચની જૂની ચીઝો જેમાં અરબીમાં કિતાબત હોય, પીતલ-તાંબાના પ્યાલા કે થાલ કે જેમાં કુરઆનની સૂરતોં, પંજતને પાક (અ.સ.) ના નામો, તાઅવીઝો વગૈરા લખેલું હોય, નૌખાના કે જેમાં કોઈ નાયાબ ચીઝો હોય, જૂના મસલ્લા કે પેન, ઘરમાં એવી ચીઝો કે જે બાપ-દાદાઓના ઝમાનાથી હોય, બાપોદી ધંધાની એવી વાતો કે જે ઘરના બુઝુર્ગો જાણતા હોય પણ જવાનોએ તે ધંધો છોડી દીધો હોય, **બદરી મોહલ્લા, મસ્જિદ, મઝાર અને દેવડીની એવી રિવાયતી વાતો કે બુઝુર્ગોની ઝબાનથી સાંભલી હોય** અને આ સિવાય તે તમામ ચીઝો જેના વાસ્તે અપને ફખર હોય અને અપના હેરીટેજ, તારીખ અને કલ્ચરની શાનમાં ઈઝાફો કરતી હોય તો મુમેનીન સાહેબે દાઅવતની મુલાકાત લે, યા ફોટા મોકલે, યા પૈગામ મોકલે યા ઘર પર મુઆએનો કરવા આવવાની દાઅવતની ઓફિસ પર અરઝ કરે.

જન્નતની વિરાસત મુમેનીનને સાત ચીઝોથી મિલેલી છે. તે છે : ૧) નમાઝમાં ખુશૂઅ-ખુઝૂઅ અને નમનતાઈ કરવી. ૨) લગ્વ-ભુંડી-બેમાઅના વાતોંથી દૂર રહેવું. ૩) ઝકાતને અદા કરવી. ૪) પોતાના બૈરો અને લોંડી સિવાય શરમગાહની હિફાઝત કરવી. ૫) હદથી ઝિયાદહ વધી નહીં જાવું. ૬) અમાનતદારી અને વફાદારી રાખવી. ૭) નમાઝને તેના વક્તોંમાં બરાબર અરકાન સાથે અદા કરવી. આ તમામ શરતો પર જે શખ્સ ચાલે તે સાચો-ખરો મુમિન કહેવાય અને જન્નતનો હક્કદાર કહેવાય.

અલ્લાહતઆલાનો અપને શુક્ર કરીએ કે, આ દાઅવતે હક્કની નેઅમત અપના નઝદીક છે જે જન્નત છે. આ જન્નતના વારિસ બનવાને વાસ્તે દોઆતે હક્કે અપના નઝદીક જે અલવી-તૈયેબી તહેઝીબ અને અદબની નહેરોં જારી કરેલી છે તેની બરાબર હિફાઝત કરીએ અને તેનાથી મુમેનીન ફાયદો લેયા કરે અને તે અપના ફરઝંદો વાસ્તે હમેશા બાકી રહે તે વાસ્તે કોશિશ કરીએ. અલ્લાહતઆલા દાઈએ હક્કને હમેશા હમેશા કાઈમ રાખજો અને આપનો સાયેએ હનીન મુમેનીન પર હરદમ રાખજો. આમીન. ✯

## નાઅતે રસૂલુસ્સકલૈન (સ.અ.વ.વ.)

જો તુમ હે હો ઈરાદોં કો સહારા, યા રસૂલુલ્લાહ,
તો યસરબ કા કરૂં મૈં ભી નઝારા, યા રસૂલુલ્લાહ.
દિયા ઉસકો વહીં તુમને સહારા, યા રસૂલુલ્લાહ,
ખુલૂસે દિલસે ગર કોઈ પુકારા, યા રસૂલુલ્લાહ.
મુઝે જબ તક ન હે હોગે સહારા, યા રસૂલુલ્લાહ,
નહીં છોડુંગા મૈં દામન તુમ્હારા, યા રસૂલુલ્લાહ.
ગમે ફુરકત મેં વો સોયા કે મુઝકો આપકે દર તક,
બહા લાયા મેરે અશ્કોં કા ધારા, યા રસૂલુલ્લાહ.
ખતાઓં કી તરફ મેરી ન દેખો, રહેમ ફરમાવો,
મૈં જૈસા ભી હું, લેકિન હું તુમ્હારા, યા રસૂલુલ્લાહ.
પરેશાં હાલ હે, બેઆસરા હે, આપકે મુમિન,
મદદ કે વાસ્તે આઓ ખુદારા, યા રસૂલુલ્લાહ.
યે દાઈ કૌમ કે હાતિમ, હે હર જા રૌશની ફૈલી,
સદા હી ઔજ પર ચમકે સિતારા, યા રસૂલુલ્લાહ.
તસવ્વુર મેં સહી લેકિન મદીના દેખકર માના,
યે અલવી વસ્ફ કે મૈદાઁ મેં હારા, યા રસૂલુલ્લાહ. ✯

દીને હક્કની હિફાઝત વાસ્તે કિતાબમાં એક પણ હરફ લખનાર તેના મિસ્લ છે કે જે જેહાદ દૌરાન હથિયારથી દુશ્મનોંનો મુકાબેલો કરનાર હોય.

# Alavi Bohra Heritage Walk

**22nd November 2015**

**Alavi Bohras – in a Nutshell :-**

- Alavi Bohras belong to the fold of Muslim-Shi'a-Isma'ili-Musta'alavi-Taiyebi community whose history dates back to 1093 AD/486 AH, in Patan, Gujarat when the missionaries, by the command of 18th Faatemi Imaam Mustansir Billaah, in Cairo, came to the western shore of India to propagate their mission. Gujarat was then ruled by Siddhraj Jaisingh.
- Missionaries who came from Yemen during this time settled down in Gujarat and started propagating their mission under the Imaam's command. Gradually people started accepting the faith of the missionaries and the Seat of Da'wat got established by them in Gujarat and the people came to be known as Bohras. The word "Bohra" or "Vohra" is derived from the Gujarati word "Vohorwu" or "Vyawhaar" which means "to trade". Bohras, since their origins are indulged in the trade. Secondly its name reflects the characteristics of "al Jamaa'at ul Baaherah" which means extraordinary community full of Life and Love.
- The seat of Da'wat or Mission was then settled in Ahmedabad for centuries until the 32nd Da'i ul Mutlaq (missionary) Saiyedna Ziyauddin Saheb migrated from Ahmedabad to Vadodara in 1688 AD/1110 AH. Since then, Alavi Bohras have settled in Vadodara.
- When 32nd Da'i ul Mutlaq migrated to Vadodara he met Miya Mahmood who had several orchards (wadi) outside the old walled city of Vadodara. He was impressed by the personality of Saiyedna Ziyauddin Saheb and presented one of his orchards where today's Badri Mohalla is located.
- The succession of Da'i ul Mutlaq continued since then in Vadodara – from 32nd to the present 45th Da'i ul Mutlaq Saiyedna Haatim Zakiyuddin Saheb TUS. Alavi Bohra Community is a micro minority consisting of 9000 people worldwide. Our headquarter is in Vadodara. Alavi Bohras have settled in Mumbai, Nadiad, Surat, Ahmedabad, Halol, Umallah and other towns of Gujarat as well. We also have scattered Alavi Bohras in USA, UK, UAE, and Australia.

**Al Masjid un Noorani :**

- Al-Masjid un-Nooraani which stands tall at the entrance of Badri Mohalla on the place of an old Mosque – Masjid-e-Ziyaai; is an architectural marvel. Masjid-e-Ziyaai, the old mosque of Alavi Bohra Community was built by the 32nd Missionary or Da'i ul-Mutlaq Saiyedna Ziyauddin Saheb who migrated from Ahmedabad to Vadodara in 1110 AH/1698 AD.
- The old Masjid was demolished to make way for the new one in 1969 AD. The objective being to make a bigger, better version of the old Masjid. The New Masjid was inaugurated in 1973 AD during the time of 43rd Missionary of the Community.
- Architecturally, the mosque has several interesting features. For instance, one unique fact about its construction is that the entire building has no pillars in the middle. Apparently, the whole structure is supported by a single girdle, which was brought especially from Kolkata. Then of course, there is the generous use of marble on every floor of the three-storey structure, brought from Makarana in Rajasthan. Also two lofty minarets, (almost 75-80 ft long, among the largest in Vadodara), 12 smaller minarets, and the single huge dome attract the eye on the façade of the mosque.
- The use of false-ceiling is done diligently and extensively with different designs in each floors. To add to the spiritual ambiance and peaceful ambit the entire ceiling is white in colour and the same is treated with blissful designs on the outer wall of the corridor overlooking the main hall of the mosque.
- The main hall of the mosque contains Qur'anic inscription on the walls, almost 225 ft long, again a unique feature as few other mosque in Vadodara boasts of such a huge collection. While ornate carvings adorn the ceiling one cannot miss the huge chandeliers imported from the erstwhile Czechoslovakia.
- Inside the first sight that greets the eye are the verses of the Qur'an engraved in the marble in the Gold which is called the Eyes of Qur'an. The huge wooden door leading to the main hall itself is reminiscent of olden times when houses had large doors, enclosed as they were by a fort. Even now it needs at least three persons to open and shut the door, hence it has been kept open all the time.
- It is the only mosque in Vadodara where the Qur'anic Chapter "ar-Rahmaan" has been engraved in the

marble which is called "The Brain of Qur'an" on the top of the walls of the main hall and above it there are 99 Beautiful Names of Allaah described in Qur'an.

- The purpose of the Masjid is not only limited to offering Namaaz but it is considered as the centre of all Religious Activities may it be offering prayers, religious school (madrasah), delivering religious discourses etc. No religious activities are complete unless the community members gather in the Masjid.
- It is the main mosque of Alavi Bohras known as "Jaame' Masjid" where the present 45th missionary Da'i ul-Mutlaq Saiyedna Haatim Zakiyuddin saheb leads prayers and when any person offers congregational prayers he gets 100 times more reward.

**Badri Mohalla :**

- Mohalla, better called as "Mahallah" is a Arabic word which means "a part of city". It is a place where people belonging to certain community reside in the Row Houses.
- Since there was no concept of Societies in the past, people preferred to stay together in a street with all basic amenities around – in the form of Mahallah – also called as "Pole".
- Typically a Mohalla consists of Row houses joined together by a common wall; a Masjid (Mosque) and a chowk – an open space in the Mohalla used for common gathering of the residents of Mohalla.
- Badri Mohalla, situated in the Wadi area is one of the most ancient settlements of Alavi Bohras dating back to 1700 AD. It served as an epicenter of the Development of Alavi Bohras
- The entrance of the Badri Mohalla, in the past, had a gate in the front. But it was pulled down when the Mosque was reconstructed. Still the community members refer the entrance of Mohalla as "Darwaza".
- The other end of the Mohalla had a closed corner and it is still referred to as the "Corner". Though the Mohalla is now open at both the ends.
- Old age architecture is still preserved in some row houses. Majority of the old houses have been pulled down for the re-development. Concrete has replaced the Heritage
- It is named after the title "Badruddin" of 31st missionary (da'i ul-mutlaq) of Ahmedabad who instructed the 32nd missionary Saiyedna Jivabhai Ziyauddin to migrate to Vadodara and settle there in 1110 AH-1698 AD
- Every member of Alavi Bohra community still has an ancestral home in the Mohalla
- Every member of Alavi Bohra community visits Badri Mohalla once in a year in the first month of Islamic year i.e. Moharram ul-Haraam to observe Mourning in the remembrance of Martyrdom of Imaam Husain – grandson of Prophet Mohammad (saws); and attend the Religious Discourses for first 10 days of the month
- Every member of Alavi Bohra community visits the Devdi Mubaarak (the residence of Saiyedna sahib – the religious Head of the Community) in the month of Ramazaan to pay respect and religious obligations
- This place has remained the hub of religious and social activities as each and every customs, traditions and practices of Alavi Bohra community is accomplished by the permission of Saiyedna saheb right from the birth till death.

**Devdi Mubaarak :**

- Devdi Mubaarak-also known as Daar us-Salaam, the official residence of Saiyedna saheb is situated in the centre of the Mohalla to oversee the activities in each nook and corner of the Mohalla.
- Typically, the building of Devdi Mubaarak was built at the centre of the Mohalla such that it oversaw all the row houses. The balconies of the Devdi Mubaarak were purposefully protruded outside the building limits so that the Saiyedna Saheb could keep vigil over the activities of the Mohalla
- Devdi Mubaarak is called the Place of Paradise and the room where Saiyedna saheb stays is called the Room of Paradise as it houses the Sublime Spiritual person who is also the temporal and spiritual head of an Alavi Bohra.
- It is the tradition that when an Alavi Bohra passes by the Devdi Mubaarak he salutes in respect i.e. does salaam keeping in mind that it is the place where Angels descends from the Heavens and showers blessings whoever comes under the holy shadow of Devdi Mubaarak.
- Every Alavi Bohra insists that his family function involving obligatory customary religious rituals be performed in the presence of Saiyedna saheb at Devdi Mubaarak as it is the only place on this globe to be blessed and graced by the blissful stay of 13 missionaries after the migration where they all have performed rites of purity and devotion since generations.

મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) ની મહબ્બત રાખનાર તેના મિસ્લ છે કે જે પોતાની ઝિંદગીમાં જન્નતના બીજ બોય.

- The foundation of Devdi Mubaarak was laid by the 32nd missionary Saiyedna Jivabhai Ziyauddin when he started constructing the mosque Masjid-e-Ziyaai situated on the western corner of the Mohalla in 1110 AH-1698 AD. From this time onwards those Alavi Bohras who migrated from Ahmedabad following the command of the Saiyedna saheb, they all got settled in Badri Mohalla.
- Before the formation of Badri Mohalla, some of the families of Alavi Bohra were already staying in the walled city area of Gendi Gate and Ladwada, the birth place of 28th and 29th missionaries who later went to Ahmedabad for the purpose of the Holy Mission.
- Devdi Mubaarak was renovated in 1322 AH-1904 AD by the 41st missionary Saiyedna Jivabhai Fakhruddin and from that time it has remained in the same style and shape. Saiyedna saheb has written in Arabic the holy name of Allaah Taala "Yaa Hafeez" which "The Guardian" and carries the numerical value "1322", thereby equating it with the year of renovation.
- During this time in 1322 AD, the same missionary himself wrote different Qur'an verses and Prophetic traditions on number of Paper-cuttings praising the Household of Prophet Mohammad and reminding the visitor about the realities of his life and worldly bounties. Thereafter he got it embossed on the outer wall of Devdi Mubaarak and also in the Room of Paradise reserved for Saiyedna saheb. These writings were painted with Gold Water and till date it is preserved and maintained. Every visitor is blessed with these valuable inscriptions.
- Devdi Mubaarak houses the oldest personal sectarian Arabic MSS library comprising of the books related to all the sciences of Shi'ah Isma'ili Taiyebi Alavi Bohra literature covering from the beginning of Islamic Era till today. It remained the centre of learning and research since its inception and during the time of each and every Saiyedna, he himself has promoted and copied the manuscripts and made new copies from the older ones. This tradition is still in its place.

**Bustaan-e-Badri :**

- "Bustaan-e-Badri, means "The Garden illuminated by the Moonlight", derived from the name of the 42nd missionary Saiyedna Fida'ali Badruddin who is the last one being buried in this place.
- In this mausoleum, the oldest tomb is that of the 32nd missionary Saiyedna Jivabhai Ziyauddin who was the first to be buried in 1131 AH-1719 AD. The marble inscription is there on each tomb depicting the name of the missionary with the verses of Qur'an on Death and its reality. One can also find the date of death.
- When 32nd missionary Saiyedna Jivabhai Ziyauddin was buried in the place known as Maru Falia locally, one can witness the Didaar of the holy tomb directly from the corner of the mosque situated in Badri Mohalla. This entire stretch was occupied by the families of Alavi Bohras.
- Till 1370 AH-1951 AD there was a huge beautiful garden having different fruit-bearing trees where Alavi bohras used to spend time after the Morning Prayer. As the place became overcrowded and due to frequent riots, the maintenance became difficult and it was ultimately floored with Kota Stone. 44th missionary Saiyedna Taiyeb Ziyauddin took this initiative for the renovation in 1395 AH-1975 AD.
- By the efforts of 43rd missionary Saiyedna Yusuf Nuruddin, minor renovation took place but the major work in this place was the construction of Darbaar Hall known as "Bustaan us-Sawaab" that was completed in 1358 AH-1940 AD. It is beautified with the writings of Qur'anic verses referring to the Holy Rightly Guided Mission (Da'wat-e-Haqq). This hall is used frequently for the assemblies-majlis during different occasions.
- Till 1388 AH-1969 AD, a beautiful brass canopy used to adorn different tomb which created a deep spiritual ambiance, but due to the communal flare-up during those year the entire place was burnt to ashes and canopies along with expensive chandeliers were looted. Since then Alavi Bohras residing between the mosque and mausoleum gradually moved out from the riot-prone area to safer places.
- There are 7 tombs in this twin domed mausoleum where both were built in different times. The right one under which there are 6 graves was built before 30 years and the left one with single grave was built recently.
- Not only Alavi Bohras but those who are residing nearby the mausoleum are deeply attached with the miraculous status of this place and they often visit here to pay respect to the tomb whenever there is function of yearly commemoration known as Urs.

*Cntd. on Page no. 9)*

## ખુદાને કિયા ઉન્કો આઅલા મકામ

ખુદાને કહા જિનકો હર દમ સલામ,
કલામ ઉનકા હે ગોયા હક્ક કા કલામ.
સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં, સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં.
હે આલે પયમ્બર સે રોશન જહાઁ,
ઉનહીં સે હે ઈજાદ કૌનો મકાઁ,
ન હોતી જહાઁ ગર ન હોતે ઈમામ,
ખુદાને કહા જિનકો હર દમ સલામ,
કલામ ઉનકા હે ગોયા હક્ક કા કલામ.
સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં, સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં.
ઉનહીં કી ઝબાઁ હે ઝબાને ખુદા,
નહીં હે ખુદા ઉન્સે મુત્લક જુદા,
ખુદાને કિયા ઉનકા આઅલા મકામ,
ખુદાને કહા જિનકો હર દમ સલામ,
કલામ ઉનકા હે ગોયા હક્ક કા કલામ.
સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં, સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં.
યે દાઅવત સે મિલતી હે રાહે નજાત,
ઈનહી સે હે મકબૂલ સૌમો સલાત,
યે હે દાઅવતે આલે ખૈરુલ અનામ,
ખુદાને કહા જિનકો હર દમ સલામ,
કલામ ઉનકા હે ગોયા હક્ક કા કલામ.
સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં, સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં.
મનાકિબ હે દાઅવત કી કુરઆન મેં,
મહબ્બ્ત હે શર્ત ઉસકી ઈમાન મેં,
હુઈ ઉસ પે નેઅમત ખુદા કી તમામ,
ખુદાને કહા જિનકો હર દમ સલામ,
કલામ ઉનકા હે ગોયા હક્ક કા કલામ.
સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં, સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં.
ન તુમ હુકમ સે ઈનકે મૂઁહ મોડના,
ન અહદ ઔર મીસાક કો તોડના,
મહબ્બત મેં ઈનકી રહો સુબ્હો શામ,
ખુદાને કહા જિનકો હર દમ સલામ,
કલામ ઉનકા હે ગોયા હક્ક કા કલામ.
સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં, સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં.
મહબ્બત હે મુમિન કો ઈનકી ઝરૂર,
મોહિબ્બોં સે રહેતા હે શયતાન દૂર,
અલી ઉનકી મુશ્કિલ મેં આતે હૈં કામ,
ખુદાને કહા જિનકો હર દમ સલામ,
કલામ ઉનકા હે ગોયા હક્ક કા કલામ.
સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં, સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં.
અલી કી હે દાઅવત કા હાફિઝ ખુદા,
મદદગાર હે ઈસકે મુશ્કિલકુશા,
યે દાઅવત કા દુશ્મન હે નસલે હરામ,
ખુદાને કહા જિનકો હર દમ સલામ,
કલામ ઉનકા હે ગોયા હક્ક કા કલામ.
સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં, સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં.
પયમ્બર સે કાઈમ શરીઅત હુઈ,
અલી સે યે રોશન જમાઅત હુઈ,
દોઆતોં સે બાકી હે ઈમાઁ કા નામ,
ખુદાને કહા જિનકો હર દમ સલામ,
કલામ ઉનકા હે ગોયા હક્ક કા કલામ.
સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં, સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં.
દોઆ ઈનકી સુનતા હે પરવરદિગાર,
ઈનહીં સે હે દીને નબી બરકરાર,
યે દાઅવત પે હક્ક ને કહા હે સલામ,
ખુદાને કહા જિનકો હર દમ સલામ,
કલામ ઉનકા હે ગોયા હક્ક કા કલામ.
સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં, સૈયેદના હાતિમ ઝકીયુદ્દીં.✮

- It is the tradition that during the Urs, when a huge number of Alavi Bohras gather to remember the Holy Sacrifices and Services of Saiyedna saheb, the entire history surrounding the life of Saiyedna saheb is narrated which helps the younger generation in knowing their originality and roots. This tradition is passed since years and it has been nurtured by the present Saiyedna saheb 45th missionary Haatim Zakiyuddin.
- On the inner walls of the mausoleum, the heart of the Qur'an known as "Surah Yaa-Seen" meaning the chapter of Yaa-Seen and the light of the Qur'an known as the "Aayat un-Noor" meaning the Sign of Light has been engraved in Marble in Sulus style. ✮

**સાચું બોલનાર તેના મિસ્લ છે કે જે પોતાની કોઈ વાત પર શરમિંદા ન રહે.**

## ગુલ્શને ફિક્હ : શરીઅતનું હલાલ-હરામ
# ઈમામત કિસ્ત-૧૩

પાંચમાં ફાતેમી ઈમામ મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, “ઈમામત કરાવવા વાસ્તે જે વક્ત ઈમામ ઉભા થાય અને એમના સાથે નમાઝ પઢવા એક જ શખ્સ હાઝિર હોય તો એને જમની બાઝૂ ઉભો રાખે.” એ શખ્સ પોતાનો મસલ્લો, ઈમામના મસલ્લા કરતા થોડો નીચે બિછાવે અને પછી નમાઝ પઢે. **નમાઝ પઢાવનાર અને નમાઝ પઢનાર જો હાઝિર હોય તો ઈમામતની નમાઝ કામિલ બને છે.** એક કરતા ઝિયાદહ મુમેનીન હાઝિર હોય તો ઈમામના મસલ્લા પાછલ મસલ્લો બિછાવે અને જમની જાનિબથી સફ બનાવવાની ઈબ્તેદા કરે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાતઆલાએ પોતાની આ ઝમીન કુશાદા-વસીઅ બનાવેલી છે અને મુમેનીનને હુકમ ફરમાવો છે કે, તમેં જહાઁ ચાહો વહાઁ નમાઝ પઢો. જહાઁ તક કે તે ઝમીનથી તમારા જાનોંને કોઈ મઝર્રત, તકલીફ કે હલાકી ન થાતી હોય. ઝમીન તેની અસલી સૂરતમાં હમેશા પાક જ હોય છે, પણ તેના પર રહેનારી મખ્લૂક જ્યાં તે રહે છે તે જગાને કચરા અને નજાસતથી નાપાક કરી દે છે. મુમેનીન જે વક્ત મસ્જિદમાં હોય તો ઈમામતની જ નમાઝ પઢે છે. કોઈક વક્ત એવું બને છે કે, કોઈ સબબથી તાખીર થઈ જાય છે તો જ નમાઝી તન્હા ઉભો રહીને પોતાની નમાઝ પઢે છે. હવે જે વક્ત કોઈ મુમિન મસ્જિદ સિવાય કોઈ બીજી જગા પર જાય અને નમાઝ પઢવાની નિય્યત કરે તો જે મુજબ મસ્જિદમાં નમાઝ અદા કરવાની સૂરત હોય છે તે જ મુજબ રઝાના સાહેબ મુમેનીનની બરાબર સફબંધી કરાવીને તમામ કરતા આગલ ઉભા રહીને નમાઝ પઢાવે. પાછલ ઉભા રહેનાર નમાઝીઓ પણ મસ્જિદમાં જે મુજબ નમાઝ અદા કરે છે, તે જ અરકાનથી અને દોઆઓ પઢીને નમાઝ પૂરી કરે. કોઈ ખુલ્લી જગામાં હોય યા બાગમાં હોય, આગલ આડ મુકીને નમાઝ પઢી શકે છે.

વસીએ રસૂલે અરબી, મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, “જો કોઈ શખ્સ એકલો હોય અને નમાઝ પઢતો હોય તો એ નમાઝને દરાઝ વક્ત તક પઢી શકે છે.” યાઅની લંબાણથી નમાઝમાં વક્ત ગુઝારી શકે છે, **તો આ તરહની નમાઝ અલ્લાહની ખુશ્નૂદી તલબ કરવાનો અમલ છે, તે ઈબાદતમાં શુમાર છે.** કોઈ ઈમાનદાર ઝાતી તૌર પર જેટલી ચાહે તેટલી ઈબાદત કરી શકે છે. જો કોઈ નમાઝને આહિસ્તા-આહિસ્તા પઢતું હોય અને તે જ મુજબ એનો પઢવાનો તરીકો હોય તો એને જોઈએ કે, જ્યાં તક એ એકલો છે ત્યાં તક તે બરાબર છે, પણ જે વક્ત મસ્જિદમાં ઈમામતની નમાઝમાં શરીક થાય તો બીજા બધા લોગો સાથે એનો આ તરહનો નમાઝ પઢવાનો તરીકો બરાબર નથી. ઘરમાં જો કોઈ ચાહે તો તે કલાકો તક ઈબાદત કરે અને નમાઝને દરાઝમાં દરાઝ કરતો રહે તો એમાં કોઈ હરજ નથી, એ પોતાના અમલનો મુખ્તાર છે. અલ્લાહતઆલાએ તૌફીક આપી હોય તો પોતાની નમાઝ અદા કરીને પોતાના બુઝુર્ગોની ગયેલી નમાઝ પણ વાલી શકે છે, જો એને ખબર હોય તો. મુમેનીન તને-તન્હા નમાઝ પઢવાની આદત એટલી ન પાડી લે કે, ઈમામતની નમાઝના સવાબથી આ આદત એને ગાફિલ અને મહેરૂમ કરી દે. ✯

## સાકી

કિતની પુર લુત્ફ હે ફિઝા સાકી,
હાથ મેં જામ અબ ઉઠા સાકી,
સબ કો એક જામ સે પિલા સાકી,
જલ્વએ હક્ક હમેં દિખા સાકી.
જામ ચલને દે, મય છલકને દે,
મયકદે કા હે દર ખુલા સાકી.
પી કે સરશાર જિસ સે હો જાઉં,
હુબ્બે હાતિમ ઝકી પિલા સાકી.
અપના ઈમાં તુઝે સમઝતા હું,
મુઝ સે હોના ન તું ખફા સાકી.
મયકદે તક જો તેરે ચલ જાઉં,
મુઝકો વો રાસ્તા દિખા સાકી.
છા રહી હે ઘટાએં રહેમત કી,
જામે કૌસર મુઝે પિલા સાકી.
હોશ બાકી ન મેરા રહ જાએ,
કોઈ મય ઐસી લા પિલા સાકી.
ગર પિલાના નહીં મુઝે મક્સૂદ,
સિર્ફ દો બુંદ હી પિલા સાકી.
નામ લેતે હી મયકદે મેં તેરા,
રક્સ મેં જામ આ ગયા સાકી.
તુઝકો સારા જહાન કહેતા હે,
દાઅવતે હક્ક કા નાખુદા સાકી.
મયકદા ખુલ ગયા હે મુમિન કા,
મયે હાતિમ મુઝે પિલા સાકી. ✯

**રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની કબરે અનવર પર જાનાર તેના મિસ્લ છે કે જે આપની હયાતીમાં આપની મુલાકાત કરે.**

## નબીના તાબએ ફરમાન - પહાડ

એક યહૂદીએ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને આવીને સવાલ કીધો કે, હમારા નબી મૌ. દાઉદ પોતાની ખતાઓ પર નિહાયત રોતા હતા, એ હદ તક આહોઝારી કરતા હતા કે, મૌ. દાઉદ જે જે જગા પર ખુદાતઆલાની તસ્બીહ-તકબીર કરવા જાય ત્યાં પહાડો આપના સાથે ચાલવા લાગે. "તો અય અલી! તમેં મને બતાવો કે તમારા નબી મોહંમદની શાન તમારા ખુદાએ આ બાબતમાં કઈ તરહ બતાવેલી છે?" આપ મૌલા ફરમાવે છે કે, ખુદાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) વાસ્તે દોઆમાં અને તેના તરફ તઝર્રોઅ અને ખુશૂઅ કરવામાં ઘણી ભારી શાન બખ્શી છે. તે એ તરહથી કે, નબી સાહેબ જે વક્ત નમાઝમાં ઊભા થાતા અને ખુદાથી મુનાજાતમાં મશગૂલ થાતા તે વક્ત આપના સીના માંથી અને પેટ માંથી જેમ દેગ ચુલા પર ચઢેલી હોય, કોઈ ચીઝ ઉકલતી હોય અને તેના લીધે તેમાંથી જોશનો આવાઝ નિકલે તેમ આપના મૂઁહ માંથી સખ્ત રોવાનો આવાઝ નિકલતો. આપે દસ-દસ સાલ તક તો તહજ્જુદની નમાઝમાં એટલી મહેનત અને તકલીફ ઉઠાવી કે, આપના બેવે પગ મુબારક પર વરમ-સોજા આવી જાતા, પગ પત્થર જેમ સખ્ત થઈ જાતા, ચહેરો ઝર્દ-પીલો પડી જાતો, આમ આપ પૂરી રાતને ઝિંદા કરતા યાઅની ઈબાદત કરતા. ખુદાતઆલા કુરઆને કરીમમાં નબી સાહેબને ખિતાબ કરીને ફરમાવે છે કે, **તાહા, મા અન્ઝલના અલયકલ કુરઆના લેતશ્કા**, યાઅની, અય તાહા! અય મોહંમદ રસૂલુલ્લાહ! નથી ઉતારા હમેં તમારા પર કુરઆનને મગર તમને તેનાથી રાહત મિલે, યાઅની કુરઆનથી તમારૂં દિલ સખ્ત ન થઈ જાય, તમને તમારી બરદાશ્તગી કરતા ઝિયાદહ તકલીફ ન પડે. આ ફરમાનમાં એ ઈશારો છે કે, તમેં શરીઅતનું પાલન કે ઈબાદતની અદાયેગી એ મુજબ ન કરો કે, તમેં હલાકતમાં મુકાઈ જાવ યા ઉચકવા કરતા ઝિયાદહ બોઝ તમારા પર આવી પડે.

નબી સાહેબ ખુદાતઆલાના અઝાબના ખૌફથી એટલા રોતા કે આપ બેહોશ થઈ જાતા. તે વક્ત અસ્હાબ માંથી અરઝ કરવામાં આવી કે, અય નબીયલ્લાહ! ખુદાતઆલાએ આપના મુકદ્દમ અને મુઅખ્ખર (આગલા-પાછલા) ગુનાહોંને મુઆફ કીધા છે, આપ તો માઅસૂમ છો તો પછી આ મિસિલ શું કામ આપ જેહાદ અને ઈબાદતની તકલીફ અને આહોઝારીની કુલફત ઉઠાવો છો? તે વક્ત આપે ફરમાવું કે, મારા ખુદાએ એની મન્નત, કરમ, રહેમ અને અતાના સબબ મારા ગુનાહોંને મુઆફ કીધા છે, તો શું હું આટલા મોટા અહેસાનના બદલામાં એનો એક શુક્રગુઝાર બંદો ન બનું! મારા સરને ખુદાની બારગાહમાં ઝુકાવીને એની હમ્દો સના ન કરૂં!

મૌલાના અલી (અ.સ.) યહૂદીને ફરમાવે છે કે, અગર દાઉદ નબી સાથે પહાડો ચાલા અને એમના સાથે ખુદાની તસ્બીહ કીધી તો હું તુંને યાદ અપાવું છું કે, નબી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એક વક્ત મક્કામાં જબલુન્નૂર પર હિરાની ગુફામાં હતા, ઈબાદત કરતા હતા, તે વક્ત પહાડ ધ્રુજવા લાગો, લરઝવા લાગો. નબી સાહેબ પહાડને ફરમાવે છે કે, **અય પહાડ! તું કરાર-સુકૂન પકડ. શું તુંને ખબર છે કે, તારા ઉપર કૌન શખ્સ મૌજૂદ છે?** તારા ઉપર ઝમાનાના નબી, સિદ્દીક અને શહીદ ઈબાદતની ગરઝથી આવેલા છે. આ કલામ સાંભલી તે પહાડ તે જ વક્ત ચુપ થઈ ગયો. કલામે નબવીના અસરથી તેને કરાર હાસિલ થઈ ગયો.

આપ મૌલા ફરમાવે છે કે, હમેં નબી સાહેબના સાથે હતા. હમારો ગુઝર એક પહાડ પરથી થયો. જોઈએ છે શું કે, તેના દરખ્તોના પત્તા માંથી અને પત્થરો માંથી આંસૂઓ જેમ ખારા પાનીની બુંદો નિકલી રહી હતી અને તેના સબબ પાનીના રેલાઓ ચારે બાઝૂથી જારી થાતા હતા. નબી સાહેબે પૂછ્યું કે, અય પહાડ! તુંને શું ચીઝ રૂલાવે છે? આ મુજબની આંસૂઓની સર તારા દરખ્તોં અને પત્થરોં માંથી કેમ રવાઁ થાય છે? પહાડ કહેવા લાગો કે, અય રસૂલુલ્લાહ! જે વક્ત ઈસા નબી મારા પરથી ગુઝરતા હતા તે વક્ત પોતાના સાથીદારોંને એમ કહેતા હતા કે, **" તમેં તે જહન્નમથી ડરો કે જે જહન્નમના પત્થરોં અને લાકડાઓ ખુદાનો કુફ્ર કરનાર લોગો છે. "** તે વાસ્તે હું એમ ડરૂં છું કે, તે જહન્નમના લાકડા મારા દરખ્તોં કે મારા પત્થરોં ન બની જાય. નબી સાહેબ ફરમાવે છે કે, અય પહાડ! તું ખૌફ ન કર. તે પત્થરોં તો ઝમીનના નીચે દબાયેલા આગના પત્થરોં છે.

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**હર વક્ત ખૈર કામ કરીને બીજાને ફાયદો કરનાર તેના મિસ્લ છે કે જે હર કોઈ તલબગારને પાની પિલાવે.**

## ઈન્તેકાલ-પુરમલાલ

### ઝિલહજ્જ-મોહર્રમ-સફર

૧) અલીભાઈ શમસુદ્દીન કાલોલવાલા
કાલોલ.
૨૫ ઝિલહજ્જ ૧૪૩૬, ૦૮-૧૦-૨૦૧૫, જુમેરાત

૨) નજમુદ્દીન ઈબ્રાહીમ કાચવાલા
તાઈવાડા, વડોદરા.
૨૯ ઝિલહજ્જ ૧૪૩૬, ૧૨-૧૦-૨૦૧૫, સોમવાર

૩) ઝુબૈદાબુ દાઉદભાઈ બાલ્ડીવાલા
બદરી મોહલ્લા, વડોદરા.
૦૧ મોહર્રમ ૧૪૩૭, ૧૩-૧૦-૨૦૧૫, મંગલવાર

૪) ઈકબાલહુસેન હુસામુદ્દીન રાજપીપલાવાલા
તૈયેબી પાર્ક, વડોદરા.
૦૬ મોહર્રમ ૧૪૩૭, ૧૮-૧૦-૨૦૧૫, રવિવાર

૫) શમસુદ્દીન રજબઅલી ધોલકાવાલા
બદરી મોહલ્લા, વડોદરા.
૧૬ મોહર્રમ ૧૪૩૭, ૨૮-૧૦-૨૦૧૫, બુધવાર

૬) અસમાબુ અલીહુસેન ઉદાવાલા
બદરી મોહલ્લા, વડોદરા.
૧૭ મોહર્રમ ૧૪૩૭, ૨૯-૧૦-૨૦૧૫, જુમેરાત

૭) નાદેઅલી અમીરૂદ્દીન ટીનવાલા
બદરી મોહલ્લા, વડોદરા.
૨૦ મોહર્રમ ૧૪૩૭, ૦૧-૧૧-૨૦૧૫, રવિવાર

૮) સકીનાબુ જાઅફરઅલી ચશ્માવાલા
પાણીગેટ, વડોદરા.
૨૪ મોહર્રમ ૧૪૩૭, ૦૫-૧૧-૨૦૧૫, જુમેરાત

૯) ઈમદાદહુસેન ઈબ્રાહીમ સુરતી
મુંબઈ.
૨૮ મોહર્રમ ૧૪૩૭, ૦૯-૧૧-૨૦૧૫, સોમવાર

૧૦) ઈસ્માઈલ નાદેઅલી મૌલવી
બદરી મોહલ્લા, વડોદરા.
૨૯ મોહર્રમ ૧૪૩૭, ૧૦-૧૧-૨૦૧૫, મંગલવાર

૧૧) અબ્દુલહુસેન મુ. ફીદાઅલી નરસંદાવાલા
બદરી મોહલ્લા, વડોદરા.
૦૬ સફર ૧૪૩૭, ૧૭-૧૧-૨૦૧૫, મંગલવાર

૧૨) હાજરાબુ મુ. મીયાભાઈ જરોદવાલા
જરોદ.
૧૪ સફર ૧૪૩૭, ૨૫-૧૧-૨૦૧૫, બુધવાર

૧૩) તસદુકહુસેન ઈબ્રાહીમ સુરતી
પુના (તૈયેબી પાર્ક).
૧૭ સફર ૧૪૩૭, ૨૮-૧૧-૨૦૧૫, શનિવાર ☆

## તિજારત

યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

Learn & Earn
Tally
Authorised Training Center & Sales Partner
MS Office
Internet
Tally ERP 9
DTP
Live
Web Designing + Hosting
PGDCA Certificate Course (I Year)
C,C++
School Syllabus,
Spoken English
GOVT. CERTIFICATION
LOKHANDWALA'S COMPUTER EDUCATION
Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569
**M.M. GLASS**
All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows
Partition Works.
G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.

**દૌલતનો હસીન લિબાસ ઐબદાર કિરદારના જિસ્મને ઢાંકી દે છે.**

**ફેન્સી પર્સ, ઝોલ્લો બનાવી આપીશું તથા દુપટ્ટા, સાડી, પરદી, રૂમાલ, ચાદર વગેરેને બીડીંગ ઇન્ટરલોક, કોડીંગ કરી આપવામાં આવશે.**
(શાદી વગેરે પ્રસંગ માટે કવરો બનાવી આપીશું.)
ફોન : ૯૭૩૭૬૭૩૬૭૦ / ૯૫૫૮૩૯૧૨૯૫. ☆

**મરહબા મરહબા યા દાઈયલ્લાહ,
સલ્લમકલ્લાહ યા અમીનલ્લાહ.
આજ મીલાદ કા હે દિન તેરા,
લબ પે કુદસી કે હે સુબ્હાનલ્લાહ.**

**મરીઝની તીમારદારી કરનાર તેના મિસ્લ છે કે જે મજ્ફીમાં ખુદાતઆલાની તસ્બીહ કરે.**

## નસીમે મસર્રત
## મીલાદે ઈમામુઝ્ઝમાન મૌ. ઈમામ તૈયબ (અ.સ.)

### ૯૧૩ મી મીલાદે મયમૂન

દાઅવત કે ગુલિસ્તાં મેં કુમ્રી કા તરાના હે,
અશ્જાર પે ઉડ-ઉડ કે યે ઉસકા સુનાના હે.
બુસ્તાને નુબૂવત કા મુખ્તાર હે જો તૈયેબ,
ઉસ શેહ કી ખુશી હમકો ઈમ્રોઝ મનાના હે.
મીલાદ હે તૈયેબ કી શરબત કો પિલા સાકી,
ફર્ઝ આજ હુવા હમ પે મેવોં કા લુટાના હે.
ક્યા બાદે સબા ઈસ દમ ચલતી હે મસર્રત કી,
તાઅઝીમ કો તૈયેબ કી નખ્લોં કા ઝુમાના હે.
ક્યા આબે મસર્રત સે હર સુમ્બોલેં તાઝી હે,
ફરહત સે દુરે શબનમ પત્તોં પે ગિરાના હે.
બુસ્તાન મેં દાઅવત કે અશ્જાર હૈં અહલે દીં,
ઔર તાઝગી હર પલ મેં ઈમાં કી દિખાના હે.
યે બઝ્મ હે દાઅવત કી યા હુસ્ને ગુલિસ્તાં હે,
ગર અક્લ સે દેખો તો યે નૂહ કા સફીના હે.
તૈયેબ કા હે નૂર ઈસ જા ઔર ઝૈબ હે હાતિમ કી,
મુન્કિર હે વો મહેફિલ કા જિસ દિલ મેં કે કીના હે.
ઈસ્લામ ઔર ઈમાઁ કા તૈયેબ હે શહેનશાહ વો,
ઈક્કીસવાઁ જો સિબ્તે સુલ્તાને મદીના હે.
ઈક્કીસ હૈ તૈયેબ કે એઅદાદ અક્લમંદો,
ઈક્કીસ ઈમામોં કી તસ્દીક જતાના હે.
તીન હઈ ઈસ તૈયેબ કે કરતે હે સિફત દીં કી,
તીન રૂત્બે સે દાઅવત કી કિશ્તી કા ચલાના હે.
માઝૂનો મુકાસિર ઔર દાઈ સે હે દીં રોશન,
ઈસ સત્ર કી ઝુલ્મત મેં તૌકીર બતાના હે.
હે "તા" તો "તહારત" કા, "યા" ઈસ મેં "યકીં" કા હે,
"બરકત" કા હે "બા" ઈસ મેં, "તૈયેબ" કી યે માઅના હે.
સાબિક કે દોઆતોં કી પઢ લેં જો તવારીખેં,
ઈસ મૌલા ઝકી મેં સબકી સીરત કા દિખાના હે.
યા ખાલિકે આદિલ તું તૌફીક દે ઈન સબકો,
દાઈ કી ખુશી સે હી ખાલિક કા મનાના હે.
બિગડી વો સઁવર જાએં અન્વર કી દોઆ યે હે,
સાબિત કદમ રહેને સે રિઝ્વાન કા પાના હે. ☆

## મદહે સૈયેદનલ મિન્આમ (ત.ઉ.શ.)

### ૫૮ મી મીલાદે હાતિમી

મરહબા મરહબા યા દાઈયલ્લાહ,
સલ્લમકલ્લાહ યા અમીનલ્લાહ.
આજ મીલાદ કા હે દિન તેરા,
લબ પે કુદસી કે હે સુબ્હાનલ્લાહ.
ધૂમ હે આજ હિન્દ મેં તેરી,
ઝાકિર કરતેં હૈં આજ ઝિકરૂલ્લાહ.
પઢતેં હૈં આજ તેરી મદહો સના,
હો મોહન્ના તુઝે વલીયુલ્લાહ.
ઈસ્મ હાતિમ હે તેરા મૌલા ઝકી,
નાઈબે ઈતરતે રસૂલુલ્લાહ.
દાઅવતે હક્ક કા હે સિકન્દર તું,
તુઝ પે હે સુબ્હો મસા ઝિલ્લુલ્લાહ.
તુઝ મેં સિદકો સફા કા હે મઝહર,
હો ન ક્યૂં કર ફિદા સફીયુલ્લાહ.
હે જહાઝે નજાત કા કપ્તાન,
આમીં કહતેં હૈં નૂહ નજીયુલ્લાહ.
હે મોહિબ શીયએ અલી કા તૂં,
તુઝ પે કુરબાન હૈં ખલીલુલ્લાહ.
હે કલામો સખુન હર એક ગૌહર,
તુઝ પે રાઝી હૈં વો કલીમુલ્લાહ.
ઝાતે ઈસ્મત હે તેરી રૂહાની,
વાસિફ તેરે હે ઈસા રૂહુલ્લાહ.
તું મુહાફિઝ હે દીને અહમદ કા,
હે હફીઝ તેરા ખુદ હબીબુલ્લાહ.
હૈં ખસાઈલ તેરે દુરફશાના,
ઝાહિર હોતા હે કારે વજહુલ્લાહ.
જો અદૂ હે તેરા અદૂવે ઈમામ,
હે અદૂવે ઈમામ અદૂવુલ્લાહ.
ક્યા યે સાદિક કહે મઝીદ અબ તો,
જબ હો મેરા શફીઅ નબીયુલ્લાહ. ☆

**દુનિયામાં કોઈ ગરઝ બગૈર એકબીજા સાથે જે મહબ્બત કરશે તે આખેરતમાં પણ મહબ્બતના તાર સાથે જોડાયેલા રહેશે.**

**પાકીઝા જમનાર તેના મિસ્લ છે કે જે પોતાના દામનને ઐબોંથી ચોખ્ખું રાખે.**

## શું કામ ?

એક શખ્સે મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને પૂછ્યું કે, મારા માઁ-બાપ આપના પર ફિદા થાય અને હઝાર જાનથી હું આપના પર કુરબાન થાઉં, આપ મને એવી નસીહત કરો કે જેથી મારી ઝિંદગી આસાન થાય, સહેલ થાય, હું મુત્મઈન થાવ અને મારા દિલમાં કોઈ હસરત બાકી ન રહે જે વક્ત કે મને મૌત આવે. આપે ફરમાવું કે, અય શખ્સ! ખુદા તમને હમારા સબબ નૈક સમઝ આપે અને તમારો સવાલ શાયદ તમારી ઝિંદગીમાં કામિયાબીની સીડી બને અને **હમારા કલામ તમારા રાત-દિનને નૂરાની કરે.** તમેં હમારા આ કલામને તાઅવીઝ બનાવીને રાખજો કેમકે તેની કદર સીનાથી લગાવીને થાય છે અને તેની કીમત ખઝાનાઓ કરતા ભારી થાય છે અને તેના પર અમલ કરી ગુઝરવું ખુદાતઆલાની રહેમત તલબ કરવા સિવાય બીજું કઈ જ નથી.

અય ભાઈ! તમેં મારા આ કલામને યાદ રાખજો કે, જે તમેં કરો છો, સોચો છો, બીજાથી ઉમ્મીદ રાખો છો, કરીને એના ખૈર નતીજાની ઉમ્મીદ રાખો છો, તેના પર તમેં ગૌર કરો અને તમારી ઝાતને **" શું કામ? "** નો સવાલ કરો તો ઘણી બધી ચીઝો જે તમેં કરો છો તે તમને ગૈરઝરૂરી લાગશે અને જે ઝરૂરી ચીઝો તમેં કરતા નથી તેને કરવા તરફ તમારી તવજ્જોહ થાશે.

૧) તમારા પાલનહાર ખુદાએ એની રોઝીથી તમને પાલવાની અને દેખભાલ કરવાની ઝિમ્મેદારી લીધેલી છે, તો પછી જે વક્ત રોઝી તંગ થાય તો લૂંટ-ઘસોટ, મારપીટ અને ચોરી શું કામ?

૨) તમારી માલો દૌલત તમને તકસીમ કરી દેવામાં આવી છે અને નક્કી થયા મુજબ તમારી કિસ્મતમાં આવી ચુકી છે, તો પછી લાલચ. લોભ અને તમાઅ શું કામ?

૩) તમારા અમલ અને દૌલતનો હિસાબ આપવો હક્ક છે, તો પછી માલ-મિલકતને જમાઅ કરવી શું કામ?

૪) તમને ખબર છે કે તમારા નૈક કામ વાસ્તે તમને સવાબ મિલનાર છે, તો પછી નૈક કામ કરવામાં સુસ્તી શું કામ?

૫) જે વક્ત તમારા બચ્ચાં, અહલો અયાલ, ઘરવાલા વાસ્તે ખુદાએ રિઝકનો ઈન્તેઝામ પહેલાથી જ કરી દીધો છે, તો પછી માલને ખર્ચ કરવામાં કંજૂસી શું કામ?

૬) જે વક્ત કોઈ બદકારી કરે છે તો તેને સઝા મિલે છે અને સઝાનું ઘર તો જહન્નમ છે, તો પછી બદકારી તરફ રગબત શું કામ?

૭) મૌત હક્ક છે, સાચી છે. દુનિયાની હર ચીઝને ફના છે. કોઈપણ વક્ત પૈગામે ફના લઈને મૌત આવી શકે છે, તો પછી દુનિયા થોડી ઘણી હાસિલ થાય તો આટલી ખુશી શું કામ?

૮) અગર ઈઝ્ઝત આપવી ખુદાના હાથમાં છે, તો પછી શોહરત પામવાના ચક્કરમાં મખ્લૂકની ખુશામદ અને ચાંપલૂસી શું કામ?

૯) શયતાન, ઈન્સાનને બહેકાવવા હર જગા તૈયાર છે, મૌજૂદ છે, તો પછી તે લઈનની મક્કારીથી ગફલત શું કામ?

૧૦) દુનિયાની રાહતના સામાન અને જાગિર કોઈના પાસે હમેશા રહેવાના નથી, તો પછી તે વાસ્તે બેફિકર થઈને તેના પર તકીયો રાખીને બેસવું શું કામ?

૧૧) તમેં જાણો છો કે, જે કઈ થઈ ગયું છે, થઈ રહ્યું છે અને થાશે તેનું ઈલ્મ ખુદાતઆલાના નઝદીક છે અને હર ચીઝની તકદીર તેના હાથમાં છે, તો પછી કોઈ કામ જો ન થાય તો આટલી ગમગીની અને ઉદાસીનતા શું કામ? ✩

(પેજ નં. ૧૧ નું બાકી)

તારી કિસ્મત તો બલંદ છે કે, તારી પીઠ પરથી ખુદાના નબીયોનો ગુઝર થયો છે. આ સાંભલી પહાડ માંથી આંસૂ નિકલતા બંધ થઈ ગયા અને તેને સુકૂનો કરાર મિલી ગયું.

મૌલાના અલી (અ.સ.) ની ઝબાને મુબારકથી જે વકત યહૂદીએ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની શાનાત અને ફઝીલત સાંભલી તો તે રોઅબ અને હયબતમાં આવી ગયો. દીને ઈસ્લામ અને નબી સાહેબ વાસ્તે તેના દિલમાં અઝમત પૈદા થઈ. નબી સાહેબના એઅજાઝ બીજા નબીયોના એઅજાઝ પર કેમ ભારી અને અફઝલ છે તેની હકીકત યહૂદીના દિલમાં આશ્કાર થઈ. લેહાઝા, તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આખિરી નબી છે, મુરસલીનના સરદાર છે તેને સરે તસલીમ કરીને મૌલાના અલી (અ.સ.) ના હાથ પર ઈમાન લાવો અને ખુલૂસના સાથે કલેમએ તૌહીદ પઢો અને ઈસ્લામથી મુશર્રફ થયો. ✩

**ઝમીનને જોઈને ચાલનાર તેના મિસ્લ છે કે જે ગુસ્સો આવવાને બાવુજૂદ તેને પી જાય.**

## ઉલટ-પુલટ

- અપના પાસે મકાનો કુશાદા, આલીશાન અને ઝીનતદાર છે, પણ વિચારો શરમનાક, નીચા અને મકસદ બગૈરના છે.
- વાહનો વાસ્તે રસ્તાઓ ખૂબ પહોલા છે, પણ દિલની ગલીઓ સાંકડી બની ગઈ છે.
- પૈસા ખૂબ જ ખર્ચીએ છીએ, પણ હકીકતમાં કઈ ચીઝની ઝરૂરત છે અને કઈ ચીઝની નથી એની ખબર જ નથી. ખરીદી તો ઢગલાબંધ કરીએ છીએ, પણ દિલને ઈત્મિનાન પહોંચતું નથી.
- ઘરોમાં રૂમ ઝિયાદહ થઈ ગયા છે, જગા વધી ગઈ છે, પણ રહેવાવાલા ઓછા અને કુટુંબ નાનું થઈ ગયું છે.
- પહેલા કરતા સુખ-સગવડો ખરેખર વધી છે, પણ એના સહી ઈસ્તેમાલ કરવા વાસ્તેનો વક્ત ખૂબ જ ઘટી ગયો છે.
- તાઅલીમ-ભણતર વધું છે, પણ તહેઝીબ-ગણતર ઘટું છે.
- IT ના સબબ ઘણા ઈલ્મો ફનના ભંડારના ભંડાર ઉભા થયા છે, પણ તે ઈલ્મને અમલમાં મુકવા વાસ્તેના પાક ઈરાદા અને ઝહેની તાકત ઘટી ગઈ છે. શું સહી અને શું ગલત તેનો ઝિમ્મેદારીથી ફેસલો કરવાનો બુઝુર્ગોનો હક્ક છિનવાઈ ગયો છે.
- હરએક ફન-શોઅબા-ફીલ્ડમાં તેને લગતા માહિરો-ફનકારો વધા, પણ તેના મુકાબેલા પર સવાલો અને ખતરા એ જ મુજબ વધા છે.
- ઈલાજ વાસ્તેની દવાઓ અને હોસ્પિટલોના ઈન્તેઝામાત વધા છે તો બીમારીઓ અને માંદગીઓ પણ વધી છે.
- હવા-ફિઝામાં અપને તરહ-તરહના ધુમાં છોડીએ છીએ, હવામાં બિગાડ પૈદા કરીએ છીએ, પણ તેને ચોખ્ખી રાખવા વાસ્તે એક નાની જેવી પણ કોશિશ કરતા નથી.
- બેહિસાબ ખર્ચો કરી શકીએ છીએ, થોડું જ જોઈતું હોય પણ વધારે ખરીદી લઈએ છીએ, પણ ઝરૂરતમંદોને નાની જેવી રકમ આપના વાસ્તે, મદદ કરવા વાસ્તે અપના પાસે પૈસા જ નથી.
- લાખો રૂપિયાનું ટેન્શન-બોઝ ઉઠાવી શકીએ છીએ, જેના ઝિમ્મેદાર અપને ખુદ છીએ, પણ જેની કંઈ પણ કીમત નથી એવી મુસ્કુરાહટ નથી લાવી શક્તા.
- વાતવાતમાં મગજ ગુમાવી દઈએ છીએ, પણ સબરથી બે ઊંડા સાઁસ લઈને દિલો દિમાગ પર કાબૂ રાખી શક્તા નથી.
- પોતાની મૌજૂદગી સાબિત કરવા બોલીએ છીએ ખુબ જ, પણ સબરથી બીજાને સાંભલવાની તાકત ગુમાવી બેસા છીએ.
- સચ્ચાઈનો સાથ ક્યારેક યાદ આવે તો કરી લઈએ છીએ, પણ જૂઠના સહારે ઝિંદગી ચલાવતા અપને બરાબર શીખી કીધું છે.
- ઝિંદગી જીવવાના તરીકા તો અપને પોત-પોતાના રીતે અપનાવી લીધા છે, પણ ઝિંદગીને ઝિંદા કેમ રાખવી અને અપની ઝિંદગીથી બીજાની ઝિંદગી આસાન કેમ બનાવવી તે નથી આવડતું.
- બેશુમાર પૈસા ખર્ચીને દૂર-દૂર તક ફિરવા જઈ શકીએ છીએ, પણ અપના અને અપના પડોશીના ઘરનો ફાસલો મોહબ્બતથી મિટાવી શક્તા નથી.
- મન્સૂબા-પ્લાન ખૂબ જ બનાવીએ છીએ, પણ એ પૂરી કરવાની દરકાર કમ જ કરીએ છીએ.
- કોન્ટીટી-પ્રોડક્શન ખૂબ વધું છે, પણ ક્વોલીટી ઘટી ગઈ છે.
- આવકનો ગ્રાફ ઉંચો ગયો છે, પણ ઈમાનદારીથી નોકરી કરવાનો ગ્રાફ નીચે ઉતરો છે.
- અનાજ ઢગલાબંધ છે પણ તેને પચાવવાની તાકત બિલકુલ ખત્મ થઈ ગઈ છે.

(બકીયાહ પેજ નં. ૩૫૨)

**ઝબાનને સાફ-સુથરી રાખનાર તેના મિસ્લ છે કે જે કુરઆને કરીમની બરાબર અઝમત કરે.**

## હુઝૂરેઆલી અલ-મૌલા અલ-મુકદ્દસ ફરમાવે છે કે,

✳ નૌનિહાલ બચ્ચાઓ! ઔલાદ પર લાઝિમ છે કે, પોતાના વાલેદૈનના કોઈ ફરમાનનો ઈન્કાર ન કરે યા "ઉફ" કરીને ન પુકારે. વાલેદૈન ખૂબ મહેનત કરીને, રાતોંના ઉજાગરા કરીને, તમારી પરવરિશ કીધેલી છે. લેહાઝા, તમેં વાલેદૈનનું અહેસાન માનજો.

✳ મુમેનીન! મૌ. આદમ નબી (અ.સ.) ને સજદો કરવાના હુકમે ઈલાહી પર ઈબ્લીસ ન ચાલો અને તેએ નાફરમાની કીધી. તમારા નઝદીકમાં એવા લોગો હશે જે તમને દાઈની વલાયતથી દૂર કરી દેવાની કોશિશ કરશે. એવા લોગોથી તમેં બચજો.

✳ મુમેનીન! મૌત બાદ જે વક્ત તમારૂં આઅમાલનામું પઢવામાં આવશે અને જો તેમાં અહલુલ બૈત (અ.સ.) ની ઉલ્ફત-મવદ્દત નહીં હોય અને તમારા ગરદનમાં દાઈયુઝ્ઝમાનનો મીસાક નહીં હોય, તો તમારા તમામ આઅમાલ "હબાઅમ્મન્સૂરા" છે યાઅની જે મુજબ તમેં હથેલી પર રાખ મુકો અને ફૂંક મારો તો કેવી રાખ ઉડી જાય છે, તેમ તમારા આઅમાલ ઉડી જાશે.

✳ મુમેનીન! હમેં તમારા વાસ્તે બશીર-નઝીર અને "દાઈયન ઈલલ્લાહે બેઈઝનેહી" બનીને આવેલા છે. અલ્લાહતઆલાએ હમને દાઈનો લકબ અતા કીધેલો છે. હમેં અલ્લાહ તરફથી "સિરાજુમ્મુનીર" છીએ, યાઅની ચમકતા દીવા-જેનું નૂર કોઈ વક્ત ઓલવાતું નથી. હર ઝમાનમાં નૂરાની ઝાતના દાઈ, મુમેનીનના હિદાયતનુમા તરીકે હાઝિર હોય છે.

✳ મુમેનીન! અલ્લાહતઆલાએ તેની અને તેના રસૂલની તાઅતને "ઉલિલ અમર" ની તાઅત સાથે જોડી દીધેલી છે. નબી, વસી અને ઈમામની જગા પર જે દાઈ હોય તે ઉલિલ અમર છે. આપની ઈતાઅત હર મુમિન પર વાજિબ છે. આ ઈતાઅતના સબબ જ તે જન્નતુન્નઈમનો હક્કદાર બનશે. ✩

## સના રહે

લબ પર મેરે હુઝૂર કી હર દમ સના રહે,
કૌસર મેરે દહન મેં હમેશા રવાઁ રહે.
તાઅત સે ઈનકી મિલતી હે તાઅત ખુદા કી હક્ક,
ઈનકે સિવા ખુદાઓ મોહંમદ ખફા રહે.
સજદા મેં ઈનકે સામને કરતા હૂં અય ખુદા,
તેરે ફઝલ સે યે મેરા કાઅબા બના રહે.
જૂદો સખા મેં યક્તા હૈં હાતિમ ઝકીયુદ્દીં,
મિસ્લે મોહીયુદ્દીન યે દાતા બના રહે.
જન્નત મેં લેકે જાયેંગે બે-ખૌફ બે-ખતર,
મેરે લીયે યહીં મેરા આકા બના રહે.
તૈયેબ ઝિયા કા ચાંદ હૈં જલ્વાનુમા યહાઁ,
ઈન પર કરમ ઈમામ કા મૌલા બના રહે.
ઈનકી વિલા મેં હક્ક કી વિલા હે મિલી હુઈ,
મહેશૂર હોને તક મેરા ઈમાઁ બના રહે.
નિઝદે ખુદા હે મરતબા આલી તેરા હુઝૂર,
અય ખાસએ ખુદા તેરા જલ્વા બના રહે. ✩

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ :** **મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઇ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★